પરિપત્ર

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૮૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી જુના સચિવાલય પાસે
ગાંધીનગર
તા.૨૯/૦૪/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય:- કોરોના વાયરસ (કોવિડ-૧૯) અન્વયે રાજયની તમામ શાળાઓ માટે સુચનાઓ અંગે સ્પષ્ટતા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ તા.૨૮/૦૪/૨૦૨૧
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૩૦૭૮ તા.૨૮/૦૪/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ પત્ર-૧ ના ઠરાવથી કોરોના વાયરસ (કોવિડ-૧૯) અન્વયે રાજયની તમામ શાળાઓ માટે સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં ક્રમ નં-(૬) ધ્યાને લેતાં રાજયમાં નોંધાયેલ સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ નીચે મુજબની સુચનાઓનો અમલ ચુસ્તપણે કરવા જણાવવામાં આવે છે.

(૧) કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણથી ઉત્પન્ન થયેલ વૈશ્વિક મહામારીને નિયંત્રિત કરવા માટે રાજય સરકાર તથા સ્થાનિકતંત્ર દ્વારા રાજયની સરકારી અને ખાનગી માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને રાજય સરકાર અને / અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા કોઈ કામગીરી સોંપવામાં આવેલ ન હોય તેવા શૈક્ષણિક કર્મચારીઓએ શાળાએ આવવાનુ રહેશે નહીં.

(૨) શાળાના આચાર્ય, કારકુન અને સેવક વગેરે કે જેઓને વેકેશન મળવવાપાત્ર નથી (નોન વેકેશનલ સ્ટાફ) તેવા કર્મચારીઓએ વેકેશન દરમિયાન શાળામાં હાજરી અવશ્ય આપવાની રહેશે અને રાજય સરકાર અને / અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા કોઈ પણ કામગીરી સોંપવામાં આવેલ હોય / સોંપવામાં આવે તો તેના અનુસંધાને રાજય સરકાર અને / અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(3) શાળાએ રાજય સરકાર અને / અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા કોઈ પણ કામગીરી સોંપવામાં આવેલ હોય / સોંપવામાં આવે તો તેના અનુસંધાને રાજય સરકાર અને / અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

(૧) નાયબ સચિવશ્રી, બ્લોક નં-૫/૭, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
(૨) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(3) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, જુના સચિવાલય, ગાંધીનગર.
(૫) નિયામકશ્રી, ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, સેકટર-૧૦ એ, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:-૧૨, જુના સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ અને અમલ સારૂ :-</u>

(૧) આચાર્યશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ, ગુજરાત રાજય.